## લોક સુનાવણી

જમીન સંપાદન, પુનઃસ્થાપન, અને પુનર્વસવાટ માં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ અન્વયે સરકારશ્રીના મહેસુલ વિભાગ, સિલવાસા ના જાહેરનામા ક્રમાક: LAQ/GICBL/VBCH/11/2018/305 તા. 06/06/2018 દ્વારા શ્રી વિનોબા ભાવે સિવીલ હોસ્પિટલ બાંધકામ અર્થે પ્લોટ નં. 262/2, ધ ગુજરાત ઇંડસ્ટ્રિયલ કો-ઓ. બેંક, સેલવાસ ગામમાં જમીન સંપાદન જમીનનું કાયમી સંપાદન માટેની અધિનિયમની કલમ ૮ મુજબ ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) ગાંધીનગર ની સામાજિક જૂથ દ્વારા તૈયાર કરવામાં આવેલ સૂચિત સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અહેવાલ માટેની લોક સુનાવણી નીચે મુજબ રાખવામાં આવેલ છે.

**સ્થળ: ટાઉન હોલ, સેલવાસ**
**સમય અને તારીખ: તા.23.07.2018 સવારે 11:00કલાકે**

જેમાં ગામના રહીશો તથા અસરગ્રસ્ત પરિવારો, જમીન ખાતેદારો તથા લાગતા વળગતા તમામ લોકોએ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.
ગેમી ની સામાજિક જૂથ દ્વારા તૈયાર કરવામાં આવેલ સૂચિત સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અહેવાલ નીચે જણાવેલ કચેરીઓ પરથી જોઇ શકાશે.

૧. કલેકટરશ્રી, કલેકટરશ્રી ની કચેરી, સિલવાસા, દાદરા અને નગર હવેલી
૨. નિવાસી નાયબ કલેકટર (એસ), કલેકટરશ્રી ની કચેરી, સિલવાસા, દાદરા અને નગર હવેલી
૩. મામલતદારશ્રી, મામલતદારશ્રીની કચેરી, સિલવાસા, દાદરા અને નગર હવેલી
૪. સિલવાસા મ્યુનિસિપલ કાઉન્સીલ, સેલવાસ, દાદરા અને નગર હવેલી

વધુમાં સૂચિત સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અહેવાલ વેબસાઇટ *dnh.nic.in* પરથી નિહાળી શકાશે.

સેલવાસ ગામના રહીશો તથા લાગતા વળગતા તમામ લોકોએ સૂચિત સામાજિક અસર સમીક્ષા અભ્યાસ અહેવાલ બાબતે આપના મંતવ્યો ઉપર જણાવેલ કચેરીઓને લેખિત મોકલી આપવા. જેથી તેનો લોક સુનાવણીમાં સમાવેશ કરી શકાય.

Sd/-

નિવાસી નાયબ કલેકટર (એસ), સિલવાસા, દાદરા અને નગર હવેલી

No. LAQ/GICBL/VBCH/11/2018/415
Dated: 18.07.2018.